# આ સત્ય ઘટના છે

વર્ષા અડાલજા

હું એમ. એ.નું ભણતી હતી ત્યારે થોડાં વર્ષ મુંબઈ રેડિયો સ્ટેશન પર એનાઉન્સર તરીકે કામ કરતી હતી.

એ સમયે આકાશવાણી મારા ઘરની પાછળ લિબર્ટી થિયેટરની બાજુમાં. એનાઉન્સરને ઑફિસની કલાકો હોય નહીં, કાર્યક્રમને સમયે જ, દિવસ હોય કે રાત – ઉદ્‌ઘોષણા માટે જવાનું. બધી જ ભાષાના ઉદ્‌ઘોષકોમાંથી હું જ એક માત્ર બૂમ પાડીને બોલાવી શકાય તેટલી નજીક એટલે જે ઉદ્‌ઘોષક ન આવી શકે, વરસાદ કે લોકલના ચક્કરમાં ફસાય તેની જગ્યાએ સ્ટેશન ડિરેક્ટર ‘વિનંતી સંદેશ’ પ્યૂન સાથે મોકલી મને ઊભાઊભ બોલાવી લે. કલાકારને નાતે નાની ભૂમિકા માટે પૈસા ન ખર્ચવા હોય તો મને નાટકના રેકોર્ડિંગમાં બોલાવી લે.

પગાર રૂ. ૧૫૦. વધારાનાં કામો માટે જો લોબીમાં ડિરેક્ટર મળી જાય તો અને ત્યારે થેંક્સ બસ.

આની સામે અંગ્રેજી કાર્યક્રમોના એનાઉન્સરોનો ભારે દબદબો. બહુ ઓછું કામ. પ્રાદેશિક ભાષાઓના એનાઉન્સરોની જેમ ફરજિયાત સ્ટેન્ડબાય ડ્યૂટી નહી અને પગાર બધા કરતાં વધુ. તેમને માન પણ વધુ મળતું. એક સૂટેડબૂટેડ સરદારજી એનાઉન્સર હતા. અમારા સૌ સાથે ભાગ્યે જ હળેમળે, ડ્યૂટીરૂમમાં અમે સૌ સાથે ચા-કૉફી પીએ ત્યાં તો ડોકાય જ નહીં. ઓહો ! એ તો ભાઈ અંગ્રેજી એનાઉન્સર.

એ બેફીકરીના દિવસો હતા. કારણોમાં ઊંડા ઊતરવાની ઉંમર નહોતી તોય ઘણી વાર એ વાત ખૂબ ખૂંચતી, પછી તો આકાશવાણીની નોકરી જ છોડી દીધી.

સમય વીતતાં સાહિત્યના ક્ષેત્રમાં વ્યસ્ત થઈ. સમય પલટાયો પણ દૃશ્યો તો એનાં એ જ રહ્યાં છે. જ્યાં જોઈએ ત્યાં અંગ્રેજીમાં લખતા સાહિત્યકારોનો એ જ રાજવી ઠાઠમાઠ જોવા મળે છે. વાચકો ઓછા થતા જાય છે – એ વાત કાને પડતી જ રહે છે. ગુજરાતી લેખકોનો પુસ્તકોનો પ્રિન્ટ ઑર્ડર ઓછો થતો જાય છે પરિણામે રૉયલ્ટી પણ ઓછી થતી જાય છે. એ પરિબળોની સામે, સતત સર્જન કરતાં રહેવું, પરિશ્રમની એ જ નિષ્ઠાથી – એ અઘરું બનતું જાય છે.

તોય એક વાત આશ્ચર્યની છે.

આ જ ગુજરાતીઓ અંગ્રેજીમાં લખાયેલી – જરાય ઠોસ સર્જન ન હોય એવી, ઉપરછલ્લી – નવલકથાઓના ગુજરાતી અનુવાદો ખરીદે છે, ફટાફટ.

લિટરલી ફેસ્ટિવલ્સની બોલબાલા છે. જયપુર ફેસ્ટિવલ પછી તો ફેસ્ટિવલની આબોહવા એવી ફેલાયેલી છે કે જાણે નગરે નગરે ઉત્સવ છે.

આમાં પ્રાદેશિક ભાષાના સર્જકોને તે વળી ક્યાંથી સ્થાન હોય !

ભલે પોતાની ભાષાના ખમતીધર સર્જક હોય, પણ અનુવાદ વિના પોતાની ભાષાની વાડ ઓળંગી બીજા વાચકો સુધી એ શી રીતે પહોંચે !

પ્રાદેશિક ભાષાઓમાં ઉત્તમ સાહિત્ય સર્જાતું આવ્યું છે, અંગ્રેજીમાં લખતા લેખકોને અધધ રૉયલ્ટી આપનારાં અંગ્રેજી પ્રકાશનગૃહો એવું સાહિત્ય શોધીને શા માટે અનુવાદની ઝંઝટમાં પડે ? સારું તો ફેસ્ટિવલ્સના આયોજકો એવા સર્જકોને ફેસ્ટિવલ્સમાં માનભેર, નિમંત્રણ આપીને બોલાવે, તેમને પોતાના સર્જનની પર બોલવાનું કહે, (અંગ્રેજી ન આવડે તે હિંદીમાં પોતાની વાત માંડે. આખરે હિંદી આપણી રાષ્ટ્રભાષા છે તેમને ખબર તો હશે જ) તો સાહિત્યમેળામાં આવનારા, અંગ્રેજીમાં લખવાનું છોગું માથે ભેરવી ફરનારાને થોડો ખ્યાલ તો આવે કે આપણું સાહિત્ય કેટલું સમૃદ્ધ છે ! પ્રાદેશિક ભાષાના સર્જકની તપસ્યાનું પણ ઉચિત સન્માન થાય.

પર વો દિન કહાં !

આ બધા ફેસ્ટિવલ્સમાં આમંત્રિતોની યાદીનાં નામ લગભગ એકનાં એક હોય છે.

‘આઉટલુક’ તંત્રી વિનોદ મહેતાએ જયપુર ફેસ્ટિવલ વિશે લખ્યું હતું,

‘‘જયપુર લિટરેચર ફેસ્ટિવલને તમે આસાનીથી જયપુર પાર્ટી ફેસ્ટિવલ કહી શકો. દરરોજ સાંજે બે અને ક્યારેક ત્રણેક જલસા યોજાતા, જ્યાં ચમકદાર વાતચીતો થતી, મહિલાઓ પરી જેવી સુંદર દેખાતી અને શરાબનાં પૂર આવતાં. ના, સૌ કોઈને કંઈ આમંત્રણ નહોતું મળતું. સૌથી જબ્બર જલસો પેન્ગ્વિન પબ્લિશિંગ હાઉસનો રહેતો. મારે શરમ વગર કબૂલ કરવું જોઈએ કે હું ખૂબ પી લેતો. કોઈક કહે કે તમારું પુસ્તક મને ગમ્યું છે તો એક વધુ પ્યાલી ઠઠાડી દેતો.’’

ફેસ્ટિવલ્સનું આ સરવૈયું.

મુંબઈમાં પણ લિટરરી ફેસ્ટિવલ્સ યોજાવા લાગ્યા છે. બેએક વખત હું ગઈ હતી. અંગ્રેજીમાં લખતા થોડા લેખકો, જે બેસ્ટસેલર રાઇટર્સ બન્યા છે, તેઓ બોલવાના હતા અને તેમનાં પુસ્તકોનો ત્યાં સ્ટૉલ હતો. જે થોડાં જાણીતાં (પેઇજ ૩) નામો છે તેઓનાં સેમિનાર્સ અને પુસ્તકો. પહેલેથી નામ નોંધાવો તો જ પ્રવેશ અને દરવાજા પાસે ધક્કામુક્કી. મોટે ભાગે અંગ્રેજીમાં વાંચવું ફૅશનેબલ ગણતો યુવાવર્ગ. એક સિનિયર મરાઠી લેખકને પણ ધક્કે ચડતા જોયા પછી હું ત્યાંથી નીકળી ગઈ.

રવિવારે કે અમુક દિવસે સાહિત્ય વિશે લખાણની પૂર્તિ ખોલો તો વિદેશમાં વસતા ભારતીય લેખકો જે અંગ્રેજીમાં લખે છે અને પુસ્તકની પબ્લિસિટી – પ્રમોશન માટે ભારત આવે છે તેમનાં ફોટા અને મુલાકાતો હોય છે. ફાઇવસ્ટાર હોટેલના સ્વિમિંગપુલ પાસેના ઝુલા પર સુંદર શેરવાનીમાં સજ્જ (ભારતમાં પુસ્તક વેચવા ભારતીય દેખાવું પડે ને ! અને હા, આ બધો ખર્ચ પબ્લિશિંગ હાઉસ કરે છે.) થઈને સુષ્ઠી વાતો કરતા હોય છે. આ લેખકોએ ભારતનો ચહેરો જોયો છે ! ભારતનાં શહેરો – ગ્રામ્ય પ્રદેશોમાં ફરી

તેમનાં સુખદુઃખ અનુભવ્યાં છે ?

જ્યારે એવા ભારતીય અંગ્રેજી લેખકો છે, જે ભારતમાં જ વસે છે, તેઓ ખરેખર ભારતીય વાચકો માટે લખે છે; જ્યારે પરદેશમાં વસતા લોકો ભારત માટે લખે છે પણ તેમના વાચકો પણ પરદેશના છે.

હું લંડન બુક ફેરમાં (વર્ષોનાં લેખનનો એકમાત્ર ઇન્ટરનૅશનલ ઇવેન્ટ), ગઈ હતી. મારી સાથે પ્રાદેશિક ભાષામાં કામ કરતા થોડા સર્જકો હતા, ઘણાં અંગ્રેજી પ્રકાશનગૃહોના પ્રતિનિધિઓ હતા, પત્રકારો હતા, ભારતથી પણ જાણીતા અંગ્રેજી અખબારોના પ્રતિનિધિઓ હતા (જે મુંબઈ પરત ફરીને તેમના લેખ વાંચ્યા ત્યારે ખબર પડી કે તેઓ પણ એ સમયે ત્યાં હતા.) તેમણે ભાગ્યે કોઈ પ્રાદેશિક ભાષાના સર્જકનો ઇન્ટરવ્યૂ તો શું ઉલ્લેખ પણ કર્યો.

તો કોને માટે યોજાય છે આ મેળાઓ ?

ગુજરાતી સાહિત્યના એક સમયના માનીતા નવલકથાકાર – નાટ્યકારના પુત્ર લંડન વસે છે અને લખે છે. લૉર્ડ મેઘનાદ દેસાઈના પુસ્તકના ઉદ્‌ઘાટન માટે હાઉસ ઑફ લૉર્ડ્ઝમાં અમને સૌને બસમાં લઈ જવાયા ત્યારે કોઈએ દૂરથી ચીંધી બતાવ્યું. હું ખુશ થઈ તેમની પાસે ગઈ. તેમના પિતા સાથે કેટલો સારો નાતો હતો ! કલકત્તાથી મુંબઈ કામ પર આવ્યા ને અચાનક બિમાર પડીને મારી ઘરની બાજુની હૉસ્પિટલમાં હતા. હું તેમને માટે રોજ ખાવાનું લઈ મળવા જતી, એ વાતો પણ સાંભળવામાં એમના પુત્રને ખાસ રસ નહોતો. હું કોણ છું, શું લખું છું તે વાત તો બાજુએ રહી, એમના પિતાની, ગુજરાતી સાહિત્યની વાત પર માત્ર યા યા કરતા રહ્યા. સુકેતુ મહેતા જે ન્યૂયૉર્ક યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે, ગુજરાતી છે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોંખાયેલા, એવૉર્ડવિજેતા છે, જેને હું કદી મળી નહોતી તેમણે ખૂબ સહજતાથી હસમુખ રીતે મારી સાથે વાતો કરી અને પેલા સર્જક પુત્રને પકડી અમારા ત્રણેયનો ફોટો મારા કૅમેરામાં પડાવ્યો.

ઘણા વખત પહેલાં ભોળાભાઈએ એક વાત કહી કે લખીનું સ્મરણ છે. સુનીલ ગંગોપાધ્યાયે એક પરિવારનું દૃષ્ટાંત લખ્યું છે.

સ્વિત્ઝરલૅન્ડમાં વસતા એક બંગાળી કુટુંબના વડાએ પોતાના ઘરમાં કઠોર નિયમ કર્યો હતો કે ઘરની ચાર દીવાલોમાં સૌએ બંગાળીમાં જ બોલવું. ઘરની બહાર તેઓ કોઈ પણ ભાષા બોલી શકે છે. ઘરમાં બંગાળી સિવાય બીજી ભાષાનો એક અક્ષર પણ નહીં બોલવાનો. એક વાર ઘરનો મોટો દીકરો બહારથી હાંફળોફાંફળો આવ્યો, તેને પિતા સાથે અગત્યનું કામ હતું પણ ઘરના દરવાજે ઊંબરા પર અટકી ગયો. ત્યાંથી જ અસહાયતાથી પૂછ્યું, ‘બાબુજી, એક જર્મન શબ્દનું બંગાળી અત્યારે સૂઝતું નથી, તો હું શું ઘરમાં ન આવું ?’

સુનીલ ગંગોપાધ્યાયે છેલ્લે લખ્યું છે, આ વાર્તા નથી પણ સત્ય ઘટના છે.